જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૪/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૪૮૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૧૪૮ લીટર દેશી દારૂ, ૧૨૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૦૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૨ સ્કુટર અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૨,૮૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૪૮૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૪૮૩/૨૦૨૬**

વાડજઃ મિલન અશોકકુમાર બારોટ (ઉ.વ.૩૫)(રહે. અયોધ્યાનગર સોસાયટી રાણીપ) એ તા.૦૩/૦૪/૨૦૨૬ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે જુલાઈ/૨૦૨૪ થી તા.૦૩/૦૪/૨૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) નૈમેષ મુકંદભાઈ શાહ (ઓફીસ. સેન્ટ્રલ બિઝનેસ સ્પેસ, પાર્થ રેસિડેન્સી હોટેલ પાસે, ઉસ્માનપુરા) અને (૨) રોહિત એન.શર્મા (ઓફીસ. દુકાન નંબર–૨૨૫ બીજા માળે રત્ના બિઝનેસ સ્કવેર બિલ્ડિંગ એચ.કે.કોલેજ સામે આશ્રમ રોડ ઉસ્માનપુરા) નાઓએ ભેગામળી તેમની પાર્થ રેસિડેન્સી હોટેલ પાસે સેન્ટ્રલ બિઝનેસ સ્પેસ ખાતે આવેલ ઓફીસ ખાતે મિલન બારોટને વર્ક પરમીટ થી યુરોપ દેશમાં ફીનલેન્ડ મોકલવા સારૂં ડોક્યુમેન્ટ બતાવી વિશ્વાસમાં લઈ, મિલન બારોટ પાસેથી કુલ રૂપિયા ૧૨,૦૦,૦૦૦/– મેળવી લઈ આજદીન સુધી વર્ક પરમીટ નહી કરી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જી.આર.આલ ચલાવે છે.

સોનાની ચેઇન ખેચી તોડી લઇ ગયાઃ– **સમાચાર યાદી નં.૪૮૪/૨૦૨૬**

એરપોર્ટઃ નિકેશભાઇ રમેશલાલ સાઘવાણી (ઉ.વ.૩૭)(રહે.રાધે કિશન બંગ્લોઝ નાના ચિલોડા નરોડા) તા.૩૧/૦૩/૨૦૨૬ કલાક ૭/૨૦ વાગ્યાના સુમારે માયા સિનેમા આગળ ગોપાલ પાર્ક સોસાયટી, જે.પી મહારાજા બંગ્લોઝ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એકટીવા ઉપર આવેલ એક પુરૂષ નિકેશભાઇના ગળામાંથી સોનાની ચેઇન પેન્ડલ સહિત કિમત રૂપિયા ૬૦,૦૦૦/– ખેચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ નિકેશભાઈ સાઘવાણીએ તા.૦૩/૦૪/૨૦૨૬ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જી.ચાવડા ચલાવે છે.

મણીનગરઃ હિનાબહેન વિશાલભાઇ ઠક્કર (ઉ.વ.૪૮)(રહે.પ્રકાશનગર જવાહરચોક મણીનગર) તા.૨૭/૦૩/૨૦૨૬ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે મણીનગર ભૈરવનાથ ચાર રસ્તા ઓરા જવેલર્સ શો–રૂમની ગલી આગળથી હિનાબહેન તેમના માતા સાથે એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક સુઝુકી એક્સેસ ઉપર આવેલ બે પુરૂષ હિનાબહેનના માતાના ગળામાંથી સોનાની ચેઇન પેન્ડલ સહીત કિમત રૂપિયા ૬૦,૦૦૦/– ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ હિનાબહેન ઠક્કરે તા.૦૩/૦૪/૨૦૨૬ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આઇ.પટેલ ચલાવે છે.

સોલા હાઇકોર્ટઃ ચાંદલોડીયા ગાયત્રીનગર વિભાગ–૦૩ ખાતે રહેતા લાલસાહેબકુમાર સ/ઓ શંકર રાય (ઉ.વ.૨૯)(મુળ રહે.વોર્ડ નંબર–૩, નૌરંગીયા સેમરહિયા ચૌરાઘનો ઇસ્ટ ચંપારણ બિહાર) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૪/૨૦૨૬ સવારના ૧૧/૦૦ વાગ્યા પહેલા રહેણાંક મકાનમાં લોખંડના એંગલ સાથે નાયલોનની દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદીપસિંહ સુરાજી ચલાવે છે.

ચાંદખેડાઃ નયનાબહેન ચંપકલાલ મોદી (ઉ.વ.૭૦)(રહે.એલોન–૬૦, સંગાથપલ સામે મણીલાલ પાર્ટી પ્લોટ નજીક, મોટેરા ગામ રોડ, મોટેરા) એ બીમારીથી કંટાળી તા.૦૩/૦૪/૨૦૨૬ સવારના ૧૦/૪૫ થી બપોરના ૨/૩૦ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.વી.પાંડે ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી